# શિવ માળા મણકા 108

| ૐ નમઃ શિવાય અષ્ટોત્તર સતનામ માળા ૐ નમઃ શિવાય | | | |
|---|---|---|---|
| ૦૧ | મંગલકારી શિવનું નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૦૨ | સાચું સુખ દેનારૂં નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૦૩ | વાંચ્છીત ફળ દેનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૦૪ | ઋષિમુનિ જપતા નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૦૫ | બ્રહ્મા વિષ્ણુ ઉચ્ચારે નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૦૬ | પાર્વતીના પ્યારા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૦૭ | નંદી ગણેશ જપતાં એ જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૦૮ | નારદ, શારદ ગાતા ગાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૦૯ | તેત્રીસ કરોડ દેવ જપતા જાપ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૦ | ગાંધર્વ, કિન્નર ગાતાં ગાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૧૧ | સાધુ - સંતોના પ્યારા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૨ | ધૂન મચાવો આઠે ધામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૧૩ | વિશ્વ સકળના તારણહાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૪ | કૈલાસમાં ગુંજ એક નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૧૫ | અણુ અણુમાં ભોલેનો વાસ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૬ | શ્વાસે શ્વાસે જપજો જાપ, નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૧૭ | અંત સમય આપે છે કામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૮ | જ્યોતી સ્વરૂપ પ્રગટયા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૧૯ | કલ્યાણકારી એક જ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૨૦ | અમરનાથનું અમર છે નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૨૧ | ભક્તો દર્શન કરવા જાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૨૨ | ચંદ્રની ભક્તિ સ્વીકારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૨૩ | સોમનાથ કહેવાયા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૨૪ | દર્શન કરતા પાપ ધોવાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૨૫ | કાર્તિકેયના પ્યારા તાત નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૨૬ | મલ્લિકાર્જુનથી પ્રગટયા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૨૭ | પૂનમ અમાસનાં દર્શન થાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૨૮ | બ્રાહ્મણની ભક્તિ સ્વીકારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૨૯ | અવન્તિકામાં બિરાજ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૩૦ | "મહાકાલ" થી પ્રગટ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૩૧ | બાર વરસે અમૃત ઉભરાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૩૨ | કુંભ મેળાનું તિરથધામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૩૩ | ભક્તિ મુક્તિ દેનારૂ નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૩૪ | મધ્યમા છે ૐ કાર નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૩૫ | મમલેશ્વરનું પામ્યા નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૩૬ | વિંધ્યાચલના તારણહાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૩૭ | પરલી ગામે બિરાજ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૩૮ | "વૈજનાથ" નો મહિમા અપાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૩૯ | દર્શન કરતા દુ:ખડા જાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૪૦ | ડાકિન વનમાં વસીયા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૪૧ | ભીમ રાક્ષસને હણતાં નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૪૨ | ભીમા શંકર પામ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૪૩ | અમર રાખ્યું ત્યાં ભીમનું નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૪૪ | સેતુ બંધ દક્ષિણમાં ધામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૪૫ | રામની ભક્તિ સ્વીકારે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૪૬ | રામેશ્વર નામે પ્રગટ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૪૭ | વિજયના આપ્યા આર્શીવાદ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૪૮ | દારૂક વનમાં બિરાજે નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૪૯ | નાગેશ્વરનું પામ્યા નામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૫૦ | અસુરોના સંહારક નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૫૧ | દીન દુ:ખીઓના તારણહાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૫૨ | કાશીનગરી અમર છે ધામ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૫૩ | વિશ્વેશ્વરનો મહિમા અપાર નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૫૪ | દર્શન કરતા પાપ ધોવાય નમઃ શિવાય ૐ નમઃ શિવાય |
| ૫૫ | અમરતાનું આપે વરદાન નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૫૬ | ગૌતમી તટે બિરાજ્યા નાથ નમઃ શિવાય ૐ નમઃ શિવાય |

© www.PDFSeva.Net

All PDF Collection
PDF Seva

| | | | |
|---|---|---|---|
| ૫૭ | ત્ર્યંબકેશ્વરથી પ્રગટયા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૫૮ | દર્શન કરતા પાવન થવાય નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૫૯ | કુબેરેશ્વરનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૬૦ | કુબેર ભંડારી આપ્યું નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૬૧ | કળિયુગના સાચા આધાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૬૨ | અષ્ટસિદ્ધિ દેનારૂ નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૬૩ | જ્ઞાન ભક્તિના છે ભંડાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૬૪ | શિવ ભજતાં આપે વૈરાગ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૬૫ | ચાર પદારથ આપે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૬૬ | અડસઠ તિરથનું પુણ્ય દેનાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૬૭ | ચાર વેદનો એક જ સાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૬૮ | તેર કરોડ જપતાં જે જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૬૯ | શિવપદ આપે ભોલેનાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૭૦ | કામ, ક્રોધ હણનારૂ નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૭૧ | માયા, મોહને દૂર કરનાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૭૨ | શિવરાત્રીએ જપજો જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૭૩ | જનમ જનમના બાળે પાપ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૭૪ | શ્રાવણ માસમાં કરતાં જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૭૫ | શિવ ચરણોમાં પામે વાસ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૭૬ | ઈક્કોતેર પેઢી તારે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૭૭ | નિર્ધનને ધન આપે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૭૮ | પુત્રહીનને પુત્ર દેનાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૭૯ | ગ્રહની પીડા દૂર કરનાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૮૦ | દુ:ખ દરિદ્ર દૂર કરનાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૮૧ | મહા રોગનો એક જ ઈલાજ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૮૨ | સુખ શાંતિ આપે એક જ નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૮૩ | અકાળ મૃત્યુ ટાળે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૮૪ | શિવ શરણું આપે એક નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૮૫ | તેમાં કાયરનું નહીં કામ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૮૬ | ભજી લ્યોને છોડી સૌ કામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૮૭ | બતાવ્યું ગુરૂએ સાચું જ્ઞાન નમ: શિવાય ૐ નમ: શિવાય | ૮૮ | શ્વાસે શ્વાસે જપજો જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૮૯ | સંકટમાં આપે આરામ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૯૦ | શ્રદ્ધાથી જપજો એક નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૯૧ | અરજી સાંભળજો ભોલેનાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૯૨ | ભક્તિ અનન્ય આપજો નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૯૩ | "વિશ્વનાથ" જપતા એક જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૯૪ | ૐ જડેશ્વરદાદાનાં જપતાં જાપ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૯૫ | હિમાલય છે શિવનું ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૯૬ | કેદારનાથે પ્રગટયા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૯૭ | જનમ જનમના પાપ ધોવાય નમ: શિવાય ૐ નમ: શિવાય | ૯૮ | કેદારનાથનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૯૯ | હરિદ્વાર હરીહરનું ધામ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૧૦૦ | ઋષિકેશનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૧૦૧ | ઘુશ્માની ભક્તિ સ્વીકારે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૧૦૨ | સજીવન કર્યો ત્યાં બ્રહ્મકુમાર નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૧૦૩ | ઘુશ્મેશ્વરથી પ્રગટયા નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૧૦૪ | અમર કર્યું ઘુશ્માનું નામ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૧૦૫ | જ્યોતિર્લિંગનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય | ૧૦૬ | ગિરનારની ભક્તિ સ્વીકારે નાથ નમ: શિવાય ૐ નમ: શિવાય |
| ૧૦૭ | ભવનાં પાપ હરે ભવનાથ નમ: શિવાય ૐ નમ: શિવાય | ૧૦૮ | દર્શન કરવાનો મહિમા અપાર નમ: શિવાય ૐ નમ: શિવાય |

નિશદિન માળા જે કરે સવાર, બપોર અને સાંજ સંકટ તેના દૂર થાય જરા પણ ના આવે આંચ. આધિ, વ્યાધિ, ઉપાધિ હરે પરમ પાવન શિવનામ, મનોકામના પૂર્ણ કરે ભક્ત વત્સલ ભોલેનાથ, ૐ નમ: પાર્વતી પતયે હર હર મહાદેવ હર:

© www.PDFSeva.Net